**પોલીસ કમિશ્નર કચેરી, અમદાવાદ શહેર.**

**જાહેરનામાં ક્રમાંક.ગ/ઉપક/લાયસન્સ શાખા/૭૦૬૫ /૨૦૧૮ તા.૨૧/૧૨/૨૦૧૮**

**ફોન નં.૦૭૯ - ૨૫૬૨૦૦૫૩**

## જાહેર નોટીસ

છેલ્લા કેટલાક સમયથી ઉત્તરાયણ વિગેરે તહેવારો વખતે ચાઈનીઝ તુક્કલ(સ્કાય લેન્ટર્ન) ખુબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. અને ચાઈનીઝ દોરી અને કાચની પાયેલ દોરીનો પતંગ ચગાવવામાં ઉપયોગ કરવામાં આવે છે. તુક્કલ(સ્કાય લેન્ટર્ન)માં હલકી ક્વોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોના કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે અને લોકો, પશુપક્ષીના જાનમાલને પણ હાની પહોંચે છે. આથી આવી બાબત નિવારવા પ્રતિબંધ મુકવો જરૂરી છે.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના માનનીય ચીફ જસ્ટીસશ્રીના રીટ પીટીશન(પીઆઇએલ) નં.૨૫૩/૨૦૧૬ અને ૬/૨૦૧૭માં તા.૧૩/૦૧/૨૦૧૭ ના રોજ આપેલ કોમન ઓરલ ઓર્ડર અન્વયે તેમજ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ, પ્રિન્સીપાલ બેન્ચ, ન્યુ દિલ્હીના ઓરીજીનલ એપ્લીકેશન નં ૩૮૪/૨૦૧૬ અને ૪૪૨/૨૦૧૬ (એમ.એ.નં.૧૨૪૭/૨૦૧૬)માં માનનીય જસ્ટીસ શ્રીએ તા.૧૪/૧૨/૨૦૧૬ના આપેલ હુકમ અન્વયે તેમજ ફોજદારી કાર્યરીતિ અધિનીયમ-૧૯૭૩ની કલમ -૧૪૪ તેમજ ઈન્ડીયન પીનલ કોડની કલમ -૧૮૮ તેમજ ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ ની કલમ -૩૩(૧)(યુ), ૧૧૩,૧૧૭,૧૩૧ અન્વયે-

ચાઈનીઝ તુક્કલ(સ્કાય લેન્ટર્ન), સળગાવેલ ફાનસવાળા પતંગ અન્ય જાહેર જનતાને હાનિકારક પતંગ ચગાવવાથી અને ચાઈનીઝ દોરા, નાયલોન દોરા, કાચથી કોટેડ(પાયેલ) દોરા, હાનિકારક પદાર્થની તૈયાર કરે દોરાથી ઉડાડવામાં આવતી પતંગથી કોઇ મોટી દુર્ઘટના અથવા જાનહાની થવા સંભવ છે. અને લોકો, પશુપક્ષીના જાનમાલને હાની થવા સંભવ છે. અને જાહેર સલામતી અને સુરક્ષા માટે જોખમકારક છે. અને પર્યાવરણને પણ નુકશાન થતુ હોય છે. જેથી આવા પ્રકારના પતંગ ચગાવવા અને આવા પ્રકારના દોરાનો ઉપયોગ કરવો, ઉત્પદન કરવું, આયાત કરવું, સંગ્રહ કરવુ, વેચાણ કરવા માટે પ્રતિબંધ છે. આ અંગે જાહેરનામા પણ બહાર પાડવામાં આવેલ છે. આ સુચનાનું ઉલ્લઘંન કરનાર વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી થશે. જેથી તમામને નોંધ લેવા વિનંતી છે.

(એ.કે.સિંઘ)

પોલીસ કમિશ્નર

અમદાવાદ શહેર

૫૦૪૩/૧૮

પોલિસ કમિશ્નર કચેરી,

**નકલ સવિનય રવાના :**

૧. મેનેજરશ્રી ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા

૨/- ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસીધ્ધ કરવા સારૂ